ચરોતરમિત્ર

ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૯૩

કરમસદ - આણંદ મહાનગરપાલિકાની 3 લાખની વસ્તી સામે પહોળા રોડ નાખી ખેડૂતોને પાયમાલ કરવાના કારસાનો આક્ષેપ

કરમસદ - આણંદના DPમાં ૪૫ મીટરના રોડ સામે રોષ

બિલ્ડરોને એફએસઆઈનો લાભ કરાવવા અધિકારીઓ સાથે મેળાપીપણાનો ગંભીર આક્ષેપ

(પ્રતિનિધિ) આણંદ તા.૨૩

કરમસદ - આણંદ મનપાના નવા ડેવલપમેન્ટ પ્લાનના નામે ખેતી અને ખેડૂતોનો વિનાશ કરવાની મોટી સોગઠબાજી ગોઠવાઈ હોવાના ગંભીર આક્ષેપો ઉઠ્યા છે. માત્ર ૨.૫થી ૩ લાખની વસ્તી ધરાવતા આણંદ-કરમસદ વિસ્તારમાં એક કરોડની વસ્તી ધરાવતી અમદાવાદ મેટ્રો મહાનગરપાલિકા કરતાં પણ વધુ પહોળા ૨૪ મીટર અને ૪૫ મીટરના રસ્તાઓ થોપી બેસાડવામાં આવતા ખેડૂતોમાં ભારે અસંતોષ અને આક્રોશ વ્યાપ્યો છે. ખેતી અને ખેડૂતોના ભોગે બિલ્ડર લોબીને કરોડોનો એફએસઆઈનો ફાયદો કરાવી આપવા માટે અધિકારીઓ અને બિલ્ડરો વચ્ચે મેળાપીપણું થયું હોવાના સણસણતા આરોપો સાથે ૨૫૦થી વધુ ખેડૂતો અને આણંદ ડિસ્ટ્રિક્ટ કોર્ટના વકીલો ખેડૂતોના હિતમાં મેદાને પડ્યા છે.

કરમસદ - આણંદ મનપાના નવા ડેવલપમેન્ટ પ્લાનમાં જૂના રોડ-રસ્તાઓને યોગ્ય રીતે દર્શાવ્યા વિના અને પૂરતો વાસ્તવિક સર્વે કર્યા વગર જ નવા ૨૪ અને ૪૫ મીટર પહોળા રસ્તાઓ નાખી દેવાયા છે. ૩ લાખની વસ્તી ધરાવતા વિસ્તારમાં અમદાવાદ જેવા ૧ કરોડની વસ્તીવાળા મેગા સિટી કરતાં પણ મોટા રસ્તાઓ મંજૂર કરીને ખેતીલાયક જમીનનો વિનાશ કોના ઈશારે થઈ રહ્યો છે તેવો મોટો પ્રશ્નાર્થ ઊભો થયો છે.

આ અગાઉ પણ તત્કાલીન શહેરી વિકાસ મંત્રી નીતિનભાઈ પટેલ સમક્ષ ખેડૂતોએ ૪૫ અને ૨૪ મીટરના રસ્તાઓથી ખેતીને થતા મોટા નુકસાન અંગે રજૂઆત કરી હતી. તે સમયે મંત્રીએ જાતે સર્વે કરાવીને આટલા મોટા રસ્તાઓની જરૂરિયાત ન હોવાનું સ્વીકારી ગેઝેટ બહાર પાડી આ રસ્તાઓ રદ કર્યા હતા. ત્યારે હવે શહેરી વિકાસ મંત્રાલયના તે નિર્ણય વિરુદ્ધ જઈને ફરીથી કોના કહેવાથી અને કોના ફાયદા માટે પ્રજા પર પરાણે આ વિકાસ થોપવામાં આવી રહ્યો છે તે અંગે ગંભીર શંકાઓ સેવાય રહી છે.

ખેડૂત વિરુદ્ધ બિલ્ડર વર્ગની લડાઈ છે

આ લડાઈ કોઈ રાજકીય પક્ષ, જાતિ કે ધર્મ વચ્ચેની નથી. પરંતુ ખેડૂત વર્ગ અને બિલ્ડર વર્ગ વચ્ચેની આરપારની લડાઈ બની ગઈ છે. ફક્ત બિલ્ડરોને વધુ એફએસઆઈનો આર્થિક લાભ મળે તે માટે જ અધિકારીઓ સાથે મળીને આ પ્લાન બનાવાયો હોઈ આ સમગ્ર આયોજનની નિષ્પક્ષ તપાસ થવી જરૂરી છે. ખેતી અને ખેડૂત વગર ટકાઉ વિકાસ અશક્ય હોવાથી તમામ પક્ષો અને સમાજે ખેડૂતોના સમર્થનમાં આવવું જરૂરી બન્યું છે.

કલેક્ટરને આવેદનપત્ર પાઠવી ખેડૂતો અને પશુપાલકો ઉગ્ર આંદોલન કરશે

પોતાની જમીન અને ખેતી બચાવવા માટે ખેડૂતો અને તેમની સાથે જોડાયેલા પશુપાલકો મોટી સંખ્યામાં એકત્ર થઈને આગામી સમયમાં જિલ્લા કલેક્ટરને આવેદનપત્ર સુપરત કરશે. ખેડૂતોની મુખ્ય માંગણી ખેતીના હિતોનું રક્ષણ કરવા સાથે વાસ્તવિક જરૂરિયાત મુજબનો સંતુલિત વિકાસ કરવાની રહેલી છે.

ખેડૂતોએ વાંધા અરજીઓ સુપરત કરી

કરમસદ, દેવરાજપુરા, ગોકળપુરા, મોચી કુઈ, કુકવાડ, મોગરી, વલ્લભ વિદ્યાનગર અને બાકરોલ ગામોના તમામ સમાજના ૨૫૦થી વધુ ખાતેદાર ખેડૂતોએ એકજૂથ થઈને અવકુડા કચેરી ખાતે વાંધા અરજીઓ અને દસ્તાવેજો રજૂ કરી તેની પહોંચ (રીસીવ કોપી) મેળવી હતી. સાથે જ અવકુડાના પ્લાનિંગ આસિસ્ટન્ટ કમિશનરને નવા ડીપી પ્લાનના રસ્તાઓ તુરંત રદ કરવા આવેદનપત્ર સુપરત કર્યું હતું.

અધિકારીઓને કાયદાકીય કાર્યવાહીની ચેતવણી

ખેડૂતોની લડતમાં આણંદ ડિસ્ટ્રિક્ટ કોર્ટના વકીલોએ પણ મક્કમ સમર્થન જાહેર કર્યું છે. કરમસદ-આણંદ મહાનગરપાલિકા હદ વિસ્તારના ડીપી પ્લાનમાં ખેતીનો નાશ કરવાના આયોજન સામે વકીલોએ સવાલ ઉઠાવ્યા છે. જો કોઈ અધિકારી સત્તાનો દુરુપયોગ કરી ખેડૂતો સામે ખોટી રીતે કાર્યવાહી કરશે તો તેમની સામે કાયદેસરની કાનૂની કાર્યવાહી કરવાની વકીલોએ સ્પષ્ટ ચેતવણી આપી છે.

આણંદ જિલ્લા કલેક્ટર પ્રવિણ ચૌધરીની બદલી

કચ્છ - ભૂજના ડીડીઓ ઉત્સવ ગૌત્તમની નિમણૂંક કરાઇ

(પ્રતિનિધિ) આણંદ તા.૨૩

રાજ્ય સરકાર દ્વારા શુક્રવારના રોજ 17 આઈએએસ અધિકારીની બદલીનો હુકમ કરવામાં આવ્યો હતો. આ હુકમમાં આણંદ કલેક્ટર પ્રવિણ ચૌધરીની બદલી કરી તેમના સ્થાને કચ્છ - ભુજના જિલ્લા વિકાસ અધિકારી ઉત્સવ ગૌત્તમને મુકવામાં આવ્યાં છે.

રાજ્ય સરકારે વહીવટી તંત્રમાં મહત્વનો બદલી આદેશ કર્યો છે. આ આદેશ અનુસાર રાજ્યના 17 આઈએએસ અધિકારીની બદલી કરવામાં આવી છે. આ બદલીમાં આણંદ કલેક્ટર પ્રવીણ ચૌધરીનો પણ સમાવેશ થાય છે. જેમને ધોલેરા અને માંડલ-બેચરજી સરના ચીફ એક્ઝીક્યુટીવ તરીકે નિમણૂંક આપવામાં આવી છે. જ્યારે તેમના સ્થાને 2014ની બેચના આઈએએસ અને કચ્છ - ભુજના જિલ્લા વિકાસ અધિકારી ઉત્સવ ગૌત્તમને નિમણૂંક આપવામાં આવી છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, વર્ષ 2023માં પ્રવિણ ચૌધરીની કલેક્ટર તરીકે નિમણૂંક થઇ તે પહેલા તત્કાલિન કલેક્ટરનો જાસુસીનો કાંડ બહાર આવ્યો હતો. તત્કાલિન કલેક્ટર અને નિવાસી અધિક કલેક્ટરની આંતરિક ખટપટને તંત્રની છબી ખરડાઇ હતી. જોકે, આ ત્રણ વર્ષના ગાળામાં કલેક્ટર પ્રવિણ ચૌધરીએ અનેક મહત્વના પગલાં ભરી આ છબીમાં સુધારો કર્યો હતો. આ ઉપરાંત કરમસદ - આણંદ મનપાના દોઢ વર્ષના વહીવટદારના કાળમાં પણ તેઓએ તત્કાલિન મ્યુનિસિપલ કમિશનર મિલિન્દ બાપના સાથે મહત્વપૂર્ણ પગલાં ભર્યાં હતાં.

તારાપુર પોલીસે વ્યાજખોરના ત્રાસથી આત્મહત્યા કરવા નીકળેલા યુવકનું જીવન બચાવ્યો

તારાપુર નગરમાં વ્યાજખોરે પચાવી પાડેલી જમીન યુવકને પરત અપાવી

વ્યાજખોર શખસે 3થી ૪ લાખના બદલામાં ૬ લાખ રોકડાં અને ૭ વિઘા જમીન લઇ લીધી હતી

(પ્રતિનિધિ) તારાપુર તા.૨૩

આણંદ જિલ્લામાં ગેરકાયદે વ્યાજવટાવના ચક્કરમાં ફસાયેલા નાગરિકોને મુક્ત કરાવવા અને વ્યાજખોરો સામે આકરાં પગલાં ભરવા આણંદ જિલ્લા પોલીસ દ્વારા ચલાવવામાં આવી રહેલી ઝુંબેશ અંતર્ગત તારાપુર પોલીસે બે અલગ-અલગ કિસ્સાઓમાં ત્વરિત કામગીરી કરી છે. તારાપુર મોટી નહેરે આત્મહત્યા કરવા પહોંચેલા યુવકનું કાઉન્સેલિંગ કરી પોલીસે તેનો અસલી જમીનનો દસ્તાવેજ અને ચેક પરત અપાવ્યા છે, જ્યારે રૂ. ૧ લાખના ધિરાણ સામે રોજના રૂ. ૩,૦૦૦ વ્યાજ વસૂલતા અન્ય વ્યાજખોર સામે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

તારાપુરના મોરજ રોડ ખાતે રહેતા ધવલકુમાર દિનેશભાઈ પટેલે વ્યાજખોર સંજયભાઈ રામભાઈ ભરવાડ પાસેથી રૂ. ૫૦ હજાર રોકડા અને કટકે-કટકે રૂ. ૩ થી ૪ લાખ લીધા હતા. જેના બદલામાં વ્યાજખોરે રૂ. ૬ લાખ રોકડા, ૭ વીઘા ખેતીની જમીનનો ગીરો બાનાખત દસ્તાવેજ અને ૭ સહી કરેલા કોરા ચેક પડાવી લીધા હતા. આ વ્યાજખોર શખસે ગીરો દસ્તાવેજ બીજાના નામે કરી દેવા અતિશય દબાણ કરતો હોવાથી કંટાળીને ધવલકુમાર તારાપુર મોટી નહેરે આત્મહત્યા કરવા જતા હતા. તેમના મિત્ર તેમને તાત્કાલિક પોલીસ સ્ટેશને લાવતા, પોલીસે કાઉન્સેલિંગ કરી ત્વરિત ટીમ મોકલી સંજય ભરવાડ પાસેથી દસ્તાવેજો મેળવી મૂળ માલિકના નામે ગીરો મુક્ત કરાવ્યા હતા અને ૨ લાખનો ચેક પણ પરત અપાવ્યો હતો.

૧ લાખના ધિરાણ પર ૬ લાખની પઠાણી ઉઘરાણી

તારાપુરમાં પ્રિન્ટિંગ પ્રેસ ચલાવતા ધવલકુમારે ધંધા માટે રૂ. ૧ લાખ વ્યાજે લેતાં, મહમદ સોહેલ વ્હોરાએ ધીરધારના લાયસન્સ વગર રોજના રૂ. ૩,૦૦૦ લેખે તોતિંગ વ્યાજ વસૂલવાનું શરૂ કર્યું હતું. ગુગલ પે અને રોકડથી રૂ. ૨,૫૫,૨૦૦ માત્ર વ્યાજ ચુકવ્યું હોવા છતાં, ત્રણ મહિના વ્યાજ ન ભરાતાં રૂ. ૬ લાખની પઠાણી ઉઘરાણી કરી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. આમ, વ્યાજખોરના અસહ્ય ત્રાસથી કંટાળીને વેપારી કેનાલમાં કૂદી આપઘાત કરવા પહોંચ્યા હતા, પરંતુ મિત્ર ઘનશ્યામભાઈએ સમયસૂચકતા વાપરી તેમને બચાવી લીધા હતા. આ સમગ્ર મામલે પીડિત વેપારી ધવલકુમાર પટેલની ફરિયાદના આધારે તારાપુર પોલીસ મથકે આરોપી સામે ગુનો નોંધી કાયદેસરની કડક કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

આણંદ જિલ્લામાં આગામી ૫ દિવસ હવામાન સુકું રહેશે

પાકમાં જરૂરિયાત મુજબ પિયત આપવા કૃષિ યુનિવર્સિટીની ભલામણ

(પ્રતિનિધિ) આણંદ તા.૨૩

ભારત મૌસમ વિભાગ અને આણંદ કૃષિ યુનિવર્સિટી દ્વારા આણંદ જિલ્લા માટે હવામાન આધારિત ગ્રામીણ કૃષિ સલાહ બુલેટિન જાહેર કરવામાં આવ્યું છે. મૌસમ વિભાગની આગાહી મુજબ આગામી ૨૪મીથી ૨૮મી ઓક્ટોબર દરમિયાન જિલ્લામાં હવામાન મોટેભાગે સુકું અને આકાશ મુખ્યત્વે ચોખ્ખું રહેવાની સંભાવના છે. આ સમયગાળા દરમિયાન મહત્તમ તાપમાન ૩૬ થી ૩૭ ડિગ્રી સેલ્સિયસ અને લઘુત્તમ તાપમાન ૨૩ થી ૨૪ ડિગ્રી સેલ્સિયસ વચ્ચે રહેશે.

હવામાનની આ સ્થિતિને ધ્યાનમાં રાખી કૃષિ વિજ્ઞાનીઓ દ્વારા ખેડૂતોને સલાહ આપવામાં આવી છે કે, આગોતરી વાવણી કરેલ ચોમાસુ પાકો પરિપક્વ અવસ્થાએ પહોંચ્યા હોય તો ખુલ્લા હવામાન દરમિયાન કાપણી અને લણણીનું આયોજન કરવું. ઉભા પાકોમાં રોગ-જીવાતનો ઉપદ્રવ જણાય તો પવનની ગતિ ઓછી હોય ત્યારે જ ખુલ્લા હવામાનમાં ભલામણ મુજબની જંતુનાશક દવાઓનો છંટકાવ કરવો.

આ ઉપરાંત જમીનમાં ભેજના પ્રમાણને ધ્યાને લઈ જરૂરિયાત મુજબ હળવું પિયત આપવું તથા વધુ ઝડપી પવનથી રક્ષણ માટે શાકભાજી અને બાગાયતી પાકોને ટેકો આપવો. પશુપાલકો માટે પશુઓને ખરવા-મોંવાસાનું રસીકરણ કરાવવા તથા રહેઠાણમાં સ્વચ્છતા જાળવવાની ભલામણ કરવામાં આવી છે. જોકે, વ્હેલી સવારે ગુલાબી ઠંડીનો અનુભવ શરૂ થયો છે.

ખોટી ફરિયાદમાં ફસાવી દેવાની ખુલ્લેઆમ ધમકી આપી

માતરના પરીએજમાં ઉઘરાણી કરવા ગયેલા વેપારી પર હુમલો

રાઇસ મિલ માલિક અને સાગરીતોએ માર મારી ફેક્ચર કર્યું

(પ્રતિનિધિ) નડિયાદ તા.૨૩

માતર તાલુકાના પરીએજ ખાતે આવેલી ભગવતી રાઇસ મિલમાં ડાંગર તથા જમીનના નાણાંની ઉઘરાણી કરવા ગયેલા વેપારી પર મિલ માલિક તથા તેના સાગરીતોએ લોખંડની પાઇપ વડે હુમલો કરી ગંભીર ઈજાઓ પહોંચાડી હોવાનો બનાવ બન્યો છે. હુમલાખોરોએ પીઆઇ અને એસપીના નામે ખોટી ફરિયાદમાં ફસાવી દેવાની ધમકી પણ આપી હતી.

લિંબાસીના માલાવાડા ચોકડી પાસે રહેતા વેપારી જીગ્નેશકુમાર રાજેન્દ્રભાઇ ઠક્કર પરીએજ ખાતે ભગવતી કોમોડિટી રાઇસ મિલ ધરાવતા ભૂષણ ચાવલા પાસે ડાંગર તથા જમીનના બાકી નાણાંનો હિસાબ કરવા ગયા હતા. આ હિસાબ માંગતા ઉશ્કેરાયેલા ભૂષણ ચાવલા, તેના પુત્ર કશીશ અને અન્ય માણસોએ ઓફિસનો દરવાજો બંધ કરી જીગ્નેશકુમારને પકડી રાખ્યા હતા અને ઢીંચણના ભાગે લોખંડની પાઇપ મારી ફેક્ચર કર્યું હતું તેમજ માથા અને કાનના ભાગે લોહી નીકળે તેવો ઢોર માર માર્યો હતો.

આ માથાકૂટ દરમિયાન ભૂષણે લીંબાસી પોલીસ ઈન્સ્પેક્ટર અને એસપીને ફોન કરવાનો રોફ છાંટી, તેમને કોઈ કશું કરી શકશે નહીં અને ઉલટાની ખોટી ફરિયાદમાં ફસાવી દેવાની ખુલ્લેઆમ ધમકી આપી હતી. આ હુમલામાં ગંભીર રીતે ઈજાગ્રસ્ત જીગ્નેશકુમારે ૧૧૨ અને ૧૦૮ પર સંપર્ક કર્યા બાદ તેમને નડિયાદની હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા. આ બનાવ અંગે પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

આ બનાવમાં સામા પક્ષે મિલ માલિક ભૂષણ ચાવલાએ પણ વળતી ફરિયાદ નોંધાવી છે, જેમાં તેમણે આક્ષેપ કર્યો છે કે જીગ્નેશ ઠક્કરે અગાઉની અદાવત રાખી ગાડીમાંથી લાકડાનો ડંડો કાઢી તેમના જમણા હાથના કાંડા પર મારી ઈજાઓ પહોંચાડી હતી અને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી.

આણંદમાં બાકી વેરા સામે વધુ ૦૮ પ્રોપર્ટી સીલ કરાઈ

જીટોડીયા અને વિદ્યાનગર રોડ પર ૨.૦૮ લાખ ઉપરાંતનો વેરો બાકી નિકળ્યો

(પ્રતિનિધિ) આણંદ તા.૨૩

કરમસદ-આણંદ મનપાની રિકવરી ટીમ દ્વારા બાકી વેરાની વસુલાત માટે છેલ્લા દસ દિવસ ઉપરાંતથી ખાસ ઝુંબેશ હાથ ધરવામાં આવી રહી છે. વારંવાર સૂચનાઓ અને લેખિત નોટિસ આપવા છતાં બાકી વેરો ન ભરનારા મિલકતધારકો સામે મહાનગરપાલિકાએ કડક સીલિંગ કાર્યવાહી હાથ ધરી છે.

આ ઝુંબેશના ભાગરૂપે આજે રિકવરી વિભાગના અધિકારીઓ દ્વારા આણંદ-જીટોડીયા રોડ અને આણંદ-વિદ્યાનગર રોડ પર આવેલી ૮ જેટલી પ્રોપર્ટીઓ સામે કાર્યવાહી કરવામાં આવી હતી. આ મિલકતોનો કુલ ૨,૦૮,૨૨૪ જેટલો વેરો બાકી હતો, જે ભરપાઈ ન કરાતા તમામ પ્રોપર્ટીઓને તાત્કાલિક અસરથી સીલ કરી દેવામાં આવી છે.

કરમસદ-આણંદ મનપાની રિકવરી વિભાગના અધિકારીના જણાવ્યા મુજબ, નોટિસ આપવા છતાં પણ બાકી વેરો ન ચૂકવનાર તમામ દુકાનો અને પ્રોપર્ટીઓ સીલ કરવામાં આવશે અને આ ઝુંબેશ આગામી દિવસોમાં પણ યથાવત રહેશે. આથી સીલિંગની કાર્યવાહીથી બચવા માટે મિલકતધારકો વહેલામાં વહેલી તકે પોતાનો બાકી વેરો મનપા ખાતે જમા કરાવી દે તે માટે ખાસ અપીલ કરવામાં આવી છે.

સોશિયલ મિડિયા પરના પરિચય બાદ પ્રેમલગ્ન કરનારી એન્જિનિયર યુવતીને ત્રાસ

આણંદ : પત્નીના નામે લાખોની લોન લઈ પતિએ ત્રાસ ગુજાર્યો

પતિ અને મામા સસરાએ થાર ગાડી તથા એસી લાવવા દબાણ કરી પરિણીતાને કાઢી મૂકી

(પ્રતિનિધિ) આણંદ તા.૨૩

સોશિયલ મિડિયાના માધ્યમથી પ્રેમસંબંધ બંધાયા બાદ લગ્નગ્રંથિથી જોડાયેલી આણંદ મહિલા પોલીસ સ્ટેશન ખાતે પતિ અને મામા સસરા વિરુદ્ધ ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

મૂળ અડાસની અને કોમ્પ્યુટર એન્જિનિયરિંગ પૂર્ણ કરનાર ધરતીબેન ભોઈનો વર્ષ ૨૦૨૩માં ફેસબુક મારફતે બાકરોલ લાલ થાંભલા પાસે રહેતા ધ્રુવિતકુમાર દિનેશભાઈ ભોઈ સાથે પરિચય થયો હતો. બંને વચ્ચે પ્રેમસંબંધ બંધાતાં ફેબ્રુઆરી ૨૦૨૪માં પરિવારોની સંમતિથી લગ્ન થયા હતા. આ લગ્નના ત્રણ માસ બાદ પતિ ધ્રુવિતે ધંધો કરવાના બહાને પત્નીના નામે ટાટા કંપનીમાંથી રૂ. ૧.૫૦ લાખની લોન કરાવી હતી. બાદમાં મોંઘો આઈફોન, ક્રેડિટ કાર્ડ તથા વિવિધ ફાઈનાન્સ કંપનીઓ મારફતે પત્નીના નામે લાખો રૂપિયાની લોનો કઢાવી લીધી હતી. આટલું જ નહીં, પત્નીનું સ્ત્રીધન પણ લોકરમાં મૂકવાના બહાને લઈ જઈ બારોબાર ગીરો મૂકી દીધું હતું.

બીજી તરફ, સોસાયટીમાં જ રહેતા મામા સસરા અમિતકુમાર ઉમેદભાઈ ભોઈની ચઢવણીથી પતિ પત્ની પર પિયરમાંથી પૈસા લાવવા દબાણ કરતો હતો. મામા માટે થાર ગાડી અને એસી લાવવા બાબતે તકરાર કરી પરિણીતાને મારઝૂડ કરી પહેરેલા કપડે ઘરબહાર કાઢી મૂકી હતી. આખરે ધરતીબેને પતિ ધ્રુવિતકુમાર અને મામાસસરા અમિતકુમાર વિરુદ્ધ આણંદ મહિલા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે તપાસ હાથ ધરી છે.

કઠલાલમાં ચાલતી બસ બની ડિલિવરી રૂમ, ૧૦૮ની ટીમે સફળ પ્રસૂતિ કરાવી

અમદાવાદ-ઈન્દોર હાઈવે પર દાહોદ જઈ રહેલી મહિલાને અચાનક પ્રસૂતિ પીડા ઉપડી

(પ્રતિનિધિ) નડિયાદ તા.૨૩

અમદાવાદથી પોતાના વતન દાહોદ તરફ જઈ રહેલી એસ.ટી. બસમાં રાત્રિના સમયે એક ગર્ભવતી મહિલાને અચાનક અસહ્ય પ્રસૂતિ પીડા ઉપડતાં મુસાફરોમાં ચિંતાનો માહોલ સર્જાયો હતો. જોકે, બસના

ડ્રાઇવર-કંડક્ટરની ત્વરિત સૂઝબૂઝ અને 108 ઈમરજન્સી સેવાના કર્મચારીઓની હિંમત અને નિષ્ઠાને કારણે હાઈવે પર જ બસની અંદર સફળ પ્રસૂતિ કરાવવામાં આવી હતી. ઓન-કોલ ડોક્ટરના માર્ગદર્શન હેઠળ કરાયેલી આ કટોકટીભરી ડિલિવરી બાદ માતા અને નવજાત બાળક બંને સુરક્ષિત છે.

અમદાવાદથી દાહોદ જઈ રહેલી બસ રાત્રિના ૧૦:૩૦ વાગ્યાના સુમારે અમદાવાદ-ઈન્દોર હાઈવે પરથી પસાર થઈ રહી હતી, ત્યારે બસમાં સવાર ગર્ભવતી મહિલાને અચાનક તીવ્ર પ્રસૂતિ પીડા શરૂ થઈ ગઈ હતી. મહિલાની ગંભીર સ્થિતિ જોઈને બસના ડ્રાઈવર અને કંડક્ટરે સહેજ પણ વિલંબ કર્યા વગર 108 ઈમરજન્સી સર્વિસનો સંપર્ક કર્યો હતો. 108 કંટ્રોલ રૂમની સૂચના મુજબ કઠલાલના ગાડવેલ નજીક 'રજવાડી ચા સેન્ટર' પાસે બસને સુરક્ષિત રીતે રોકી દેવામાં આવી હતી.

જોકે, કોલ મળતાં જ નજીકના લોકેશન પરથી 108 એમ્બ્યુલન્સ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. એમ્બ્યુલન્સના ઈએમટી કેશરીસિંહ ઝાલા અને પાયલોટ મહેન્દ્રસિંહ સોલંકીએ મહિલાની સ્થિતિ તપાસતાં હોસ્પિટલ પહોંચાડવા જેટલો સમય ન હોવાનું માલૂમ પડ્યું હતું. પરિસ્થિતિની ગંભીરતા સમજીને બંને કર્મચારીઓએ સ્થળ પર જ પ્રસૂતિ કરાવવાનો સાહસિક નિર્ણય લીધો હતો. 108ની ટીમે તાત્કાલિક ઈઆરસીપી ડોક્ટર સાથે ફોન પર સંપર્ક સાધ્યો હતો અને તેમના તબીબી માર્ગદર્શન હેઠળ બસની અંદર જ જરૂરી સાધનો સાથે પ્રસૂતિની પ્રક્રિયા હાથ ધરી હતી. 108 ની ટીમની કુશળતા અને સમયસૂચકતાને લીધે મહિલાએ સુરક્ષિત રીતે બાળકને જન્મ આપ્યો હતો. બાદમાં તેમને કઠલાલ સામુહિક આરોગ્ય કેન્દ્રમાં લઈ જવામાં આવ્યાં હતાં.

ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૯૩

આણંદ, વિદ્યાનગર, કરમસદ તેમજ નડિયાદ ખાતે ગુજરાતમિત્ર અખબાર મેળવવા માટે તેમજ આપની કોપી નિયમિત રીતે ચાલુ કરવા માટે સંપર્ક કરો.

આણંદ	નડિયાદ
જય એન્ટરપ્રાઈઝ કિશોર પ્લાઝા, આણંદ.	ઈશાન ન્યુઝ પેપર એજન્સી સાગર ભુવન, ડભાણ ભાગોળ, નડિયાદ

કોપી ચાલુ કરવા માટે સંપર્ક કરો
મો. 99250 30225, મો. 99255 50225